| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Gandhinagar |
| DATE : | 24/05/2023 |

દિવ્ય ભાસ્કર ગાંધીનગર 24-05-2023

# EDII એ 750 દિવ્યાંગોની સ્કિલ ડેવલપમેન્ટ માટે SBI ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી

**અમદાવાદ :** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ એસબીઆઈની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિટી પ્રોજેક્ટ 'સ્વાવલંબન' હેઠળ 750 દિવ્યાંગો (PwDs) ના સ્કિલ ડેવલપમેન્ટ અને ટ્રેનિંગનું કામ કર્યું છે. ઈડીઆઈઆઈ દ્વારા આ પ્રોજેક્ટ ગુજરાતના આણંદ, ખેડા, ગાંધીનગર, અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં અમલમાં મૂકશે. પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ આંત્રપ્રિન્યોર્શિસને તેમની માર્કેટ રિચને વધારવા અને તેમની આવકમાં વધારો કરવામાં મદદ કરવાનો છે. પ્રોજેક્ટ હેઠળ ઈડીઆઈઆઈ 750 અલગ-અલગ દિવ્યાંગોને એન્ટરપ્રાઈઝ પ્રમોશન ટ્રેનિંગ આપશે. જેમાં 500 વ્યક્તિગત આંત્રર્પિન્યોરને અને 250 સભ્ય આધારિત સંસ્થાઓ (MBOs) આંત્રપ્રિન્યોર્સનો સમાવેશ થાય છે. સહકારી અથવા સ્વસહાય જૂથ (એસએચજી) તરીકે 250 અલગ-અલગ દિવ્યાંગ આંત્રર્પિન્યોર માટે દસ એમબીઓ બનાવવામાં આવશે. આ એમબીઓને નેટવર્ક-બિલ્ડિંગ, માર્કેટ રીચ વધારવા અને ફાઈનાન્સ માટે માર્ગદર્શન અને ટેકો પૂરો પાડવામાં મદદ કરશે.



પ્રોજેક્ટના ભાગ રૂપે દિવ્યાંગ લોકોના સશક્તિકરણ તરફ સરકાર, સ્ટાર્ટ-અપ્સ, ઔદ્યોગિક સંગઠનો અને સીએસઆર સંસ્થાઓનું ધ્યાન દોરવા માટે એક રિસર્ચ પણ હાથ ધરવામાં આવશે. આ વિશે ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "અમારું લક્ષ્ય અલગ-અલગ દિવ્યાંગ આંત્રપ્રિન્યોર્સને સશક્ત કરવાનો અને તેમને સમાજ માટે આદર્શ બનાવવાનો છે. ઈડીઆઈઆઈ ગ્રોથને ધ્યાનમાં રાખીને અને ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા માટે સરકાર અને કોર્પોરેટ સાથે ભાગીદારી કરે છે. અત્યાર સુધીમાં, સંસ્થાએ 23 થી વધુ રાજ્યો અને 138 જિલ્લાઓમાં કામ કર્યું છે અને વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો દ્વારા 68,950 જીવન પર પ્રભાવ પાડ્યો છે."